# 24th Meeting of the Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

May 31, 2022

# ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણાની 24મી મીટિંગ

31 મે, 2022

ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણા (WMCC) ની 24મી મીટિગ 31 મે 2022 નાં રોજ યોજવામાં આવી હતી. ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની વિદશ મંત્રાલયનાં અધિક સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવી હતી. ચાઈનીઝ વિદશ મંત્રાલયનાં સીમા અને મહાસાગર વિભાગનાં મહાનિર્દેશક દ્વારા ચાઈનીઝ પ્રતિનિધિ મંડળની આગેવાની કરવામાં આવી હતી.

2. બન્ને પક્ષોએ ભારત-ચીમ સીમા ક્ષેત્રોનાં પશ્ચિમી સેક્ટરમાં લાઈન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (LAC) પરની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેઓએ સંસ્મરણ કર્યું હતું કે નવેમ્બર 2021 માં WMCC ની અંતિમ મીટિગ પછી, બન્ને પક્ષોએ જાન્યુઆરી અને માર્ચ 2022 માં સીનિયર કમાન્ડરોની અનુક્રમે 14મી અને 15મી મીટિગો યોજી છે. ચીનનાં વિદશમંત્રી મહામહિમ શ્રીમાન વાંગ યી  માર્ચ 2022 માં ભારતની મુલાકાતે પણ આવ્યા હતા અને વિદશ મંત્રી તેમજ રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર સાથે ચર્ચાઓ યોજી હતી.

3. બન્ને પક્ષોએ પૂર્વિય લદાખમાં પશ્ચિમ સેક્ટરમાં LAC પરની વર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરી હતી. તેઓ સંમત થયા હતા કે બન્ને વિદશ મંત્રીઓએ આપેલી સૂચના અનુસાર, બન્ને પક્ષોએ બને તેટલા વહેલા LAC પરની બાકી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે રાજદ્વારી અને મીલિટ્રી ચેનલો મારફત ચર્ચાઓ ચાલું રાખવી જોઈએ જેથી દ્વિપક્ષીય સંબંધોમાં સામાન્યતા પુનઃસ્થાપિત કરવા માટેની પરિસ્થિતિઓનું નિર્માણ થાય. આ સંદર્ભમાં, પ્રવર્તમાન દ્વિપક્ષીય સમજૂતીઓ અને પ્રોટોકોલ સાથેનાં અનુપાલનમાં પશ્ચિમ સેક્ટરમાં LAC પર તમામ ઘર્ષણ બિદુઓ પરથી સંપૂર્ણ નિવૃત્તિનો ધ્યેય હાંસલ કરવા માટે વહેલાસર તારીખ પર સીનિયર કમાન્ડરોની મીટિગનો આગામી (16મો) રાઉન્ડ યોજવા તેઓ સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**31 મે, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.